ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૧૮ ટકા

# શહેરમાં કેરીના રસની ડિમાન્ડ વધી

## ફળોના રાજા કેરીની આવક શહેરના બજારમાં થઈ ચુકી છે : શહેરીજનો કેરીની ભરપૂર ખરીદી કરતા બીજા ફળોની ડિમાન્ડ ઓછી થઈ જાય છે

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં ઉનાળાની સિઝન શરૂ થતાની સાથે ઉનાળુ ફળની જમાવટ જોવા મળી રહી છે. જેમાં ઉનાળાનું પ્રિય ફળ એટલે કે ફળોના રાજા કેરીની આવક શહેરના બજારમાં થઈ ચુકી છે. આ સાથે દુકાનોમાં કેરીનો રસ અને કેરીની વિવિધ વેરાયટીઓનું વેચાણ થઈ રહ્યું છે.

કેરીનો રસ ઉનાળાની સિઝનમાં ગુજરાતીઓના ભોજનના મેનુમાં દૈનિક જોવા મળે છે. કેરીનો રસ ખુબ ગુણકારી મનાય છે. તાજેતરમાં એપ્રિલ માસમાં લગ્નસરાની મોસમ હોવાથી કેરીના રસની ડિમાન્ડ પણ વધી રહી છે.



કેરીમાં ૨૦ થી પણ વધારે વિટામીન છે. સાથે જ ઘણા પ્રકારના માઈક્રો ન્યુટ્રિએન્ટસ પણ હોય છે. કેરીનો રસ ગરમીથી રાહત મેળવવામાં ખૂબ ઉપયોગી રહે છે.

આમ તો કેરીનો રસ બારેમાસ મળતો હોય છે કેરીના રસને ફ્રીઝ કરીને એરટાઈટ વસ્તુમાં ભરીને બારે માસ તેનો ઉપયોગ કરી શકાય છે.માર્કેટમાં કેરીનો રસ ૧૬૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે. ઘણાને કેરીનો રસ બહુ જ ભાવતો હોય છે. પરંતુ આ શોખ માત્ર ૨ મહિના પુરતો જ હોય છે. કેરીની સિઝન જાય એટલે કેરી અને કેરીનો રસ ગમે તેટલો ભાવતો હોય છતાં મળતો નથી. તેથી ગૃહિણીઓ પણ ઘરે જ એરટાઈટ ડબ્બાઓમાં કેરીના રસનો સંગ્રહ કરી રાખે છે અને મન થાય ત્યારે કેરીનો રસ ખાઈ શકે છે.

કેરીનો રસ અને પૂરી બાળકોથી લઈ દરેક માટે પ્રિય રહ્યો છે. કેરીના રસનો આનંદ માણવાનો લ્હાવો દરેક ગુજરાતીઓ ઉનાળામાં ચુકતા નથી. વરસાદના આગમન પહેલા અઢળક કેરીનો રસ અને કેરી ખવાઈ જતી હોય છે. માર્કેટમાં ફળોનો રાજા કેરી આવે એટલે બીજા તમામ ફળો ફિક્કા પડી જાય છે. શહેરીજનો કેરીની ભરપૂર ખરીદી કરતા બીજા ફળોની ડિમાન્ડ ઓછી થઈ જાય છે. આ વખતે મોંઘવારીના કારણે કેરીના ભાવમાં પણ વધારો થવાથી કેરીઓ ખાવી મોંઘી રહેશે. વિવિધ પ્રકારની કેરીના રસનો સ્વાદ લેવાનું ગુજરાતીઓ ચુકતા નથી. ઉનાળાના દિવસોમાં દરેક પ્રકારની કેરીની ખરીદી કરીને શહેરીજનો તેનો સ્વાદ માણશે અને સાથે સાથે ફ્રીઝ કરીને બારેમાસ મળી રહે. શહેરમાં કેરીના રસની દુકાનોમાં લગ્ન પ્રસંગોની આ મહિનામાં ભરમાર હોવાથી કેરીનો રસ વધારે પ્રમાણમાં વેચાશે તેવું વેપારીઓનું કહેવું છે.

## જન્મદિને વધામણી



હરિશ એમ ગરૂબસાણી
મો. ૯૯૭૪૩ ૫૩૮૦૨



માનવ મોદી



રેવાભાઈ મોતીભાઈ પટેલ
મો. ૯૪૦૮૫ ૮૮૧૬૬



રમીલા ઠક્કર
લાયોનેસ ક્લબ



એ.સી. રાવલ
મો. ૯૪૦૯૬ ૧૬૮૮૦

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં વાર્ષિક શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ સે.૨૩,ગાંધીનગરની કોલેજોમાં ભાવિ શિક્ષકોના ઉજ્જ્વળ ભવિષ્યના હેતુથી આશીર્વચન આપવા માટે શુભેચ્છા સમારંભ યોજાયો હતો.

શુભેચ્છા સમારંભના આરંભે ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રૉ. વીણાબેન પટેલે મહેમાનોનો શાબ્દિક પરિચય આપી ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં થયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. અત્યાર સુધી ૮૦૦૦ શિક્ષકો તૈયાર કરી



સમાજને આપ્યા છે અને ‘શિક્ષણ એ જ સાચી સેવા’ના ઉદ્દેશ્યને સાર્થક કર્યો છે. કોલેજની તાલીમાર્થીનીઓ રિચા અસારી અને ક્રિષ્ટલ સાયમને પોતાના પ્રતિભાવો આપ્યા હતા. વર્ષ ૨૦૧૭-૧૯, ૧૮-૨૦, અને ૧૯-૨૧ દરમ્યાન કૉલેજમાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શુભેચ્છા સમારંભમાં ખાસ ઉપસ્થિત રહેલા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ સાહેબે ‘નારી તું નારાયણી’ એવોર્ડ મેળવનાર ડૉ. જિજ્ઞાસાબેન જોશી, પીએચડીની પદવી મેળવનાર અધ્યાપિકા ડૉ. તૃપ્તિબેન ઠાકર, ચાલુ વર્ષે **GSLET**ની પરીક્ષા ઉત્તીર્ણ કરનાર ડૉ. શીતલબેન દીક્ષિત તેમજ **TESOL CANADA**ની પરીક્ષા ઉત્તીર્ણ કરનાર ડૉ. આશારાની એન્ટોને પારિતોષિત કર્યા હતા. આ કાર્યક્રમમાં શ્વેતા પવાર, આકાંક્ષા શ્રીવાસ્તવ, શાળા-કૉલેજના આચાર્યશ્રીઓ, ભૂતપૂર્વ તાલીમાર્થીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ વિદ્યાર્થિઓએ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કર્યું હતું. કાર્યક્રમને અંતે ડૉ. જિજ્ઞાસાબેન જોશીએ સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. આશારાની એન્ટો તેમજ ડૉ. તૃપ્તિબેન ઠાકરે કર્યું હતું.

## માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આવતીકાલે સે-૨-સી ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૧૩

માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો ભારતીબેન એમ.ચાવડા, સેકટર-૨-સી પ્લોટ નં. ૯૬૧/૧, તા. ૧૫મીએ શુક્રવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. સર્વે ભાવિ ભકતોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યું આમંત્રણ પ્રફુલ્લાબેન બી. ભાવસારે પાઠવ્યું છે.

## ઉમિયા માતાજીના ૧૯મા પાટોત્સવની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ઉમિયા માતાજીનો ૧૯મો પાટોત્સવ ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા યોજવામાં આવશે. જે તારીખ ૧૫ના રોજ યોજાશે. આ પ્રસંગને ભવ્ય રીતે ઉજવવા માટે ૧૭મીએ રાત્રે ૮.૩૦ કલાકે જુદા જુદા પ્રસંગોની ઉછામણી અને આયોજન માટે ઉમિયા સમાજ ભવન, ઉમિયા માતાજી મંદિર, સે-૧૨ ખાતે સમાજના સભ્યોને પધારવા જણાવાયું છે.

## રેડીયન્ટ સ્કૂલનો વિદ્યાર્થી પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઝળકયો

રાજય રીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં લેવાયેલ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (પીએસઈ)માં સરગાસણ સ્થિત રેડીયન્ટ સ્કૂલના કેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પટેલ જેનીલ યોગેશકુમારે કુલ ૧૬૩ ગુણ મેળવી જવલંત સફળતા સાથે પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ મેરીટમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. બોર્ડ દ્વારા તૈયાર કરાયેલ મેરીટ યાદીમાં કુલ ૧૦૦૦ વિદ્યાર્થીઓની યાદીમાં જેનીલે ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે. શાળા મેનેજમેન્ટે



જેનીલને તેની સફળતા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે તેમજ જેટલું ઈનામ જેનીલને બોર્ડ તરફથી મળશે તેટલું જ ઈનામ શાળા પણ તેને આપશે તેવી જાહેરત કરવામાં આવી હતી.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે પ્રિ-પ્રાઈમરી વિભાગમાં તા-૧૨ અને ૧૩ એપ્રિલ ના રોજ સમર એક્ટિવિટીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓને ઊંટ સવારી, વિવિધ રમત-ગમત અને માટીની વિવિધ વસ્તુઓ બનાવીને બાળકોને બતાવી હતી. જેમાં બધા બાળકો અને વલીઓએ પણ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સરકારી ઈજનેરી કોલેજોમાં કાર્યરત અધ્યાપકો પડતર પ્રશ્નો અંગે લડત આપશે

ગાંધીનગર, તા. ૧૩

ઈજનેરી કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપકોના ઘણા પ્રશ્નો લાંબા સમયથી પડતર છે. આ પ્રશ્નો બાબતે વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી છે પરંતુ કોઈ સકારાત્મક અને સુખદ ઉકેલ આવી રહ્યો હોય તેવું જણાતું નથી. લાંબા સમય સુધી અધ્યાપકોના પ્રશ્નોનું સકારાત્મક અને સુખદ નિરાકરણ ન આવવાના કારણે અધ્યાપકોમાં હતાશા અને નિરાશાની લાગણી પ્રવર્તે છે. મહિનાઓ અને વર્ષો સુધી રાહ જોવા છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવતાં રાજ્યની તમામ સરકારી ઈજનેરી કોલેજોના




અધ્યાપકોએ તા. ૧૪ એપ્રિલ ૨૦૨૨ થી ગાંધી ચિંધ્યા માર્ગે વિવિધ કાર્યક્રમ આપવાનું નક્કી કર્યુ છે. જે બાબતે ૩૦-૩-૨૦૨૨ના પત્રથી મુખ્યમંત્રી શિક્ષણમંત્રી, અગ્ર સચિવ, કમિશનર, ટેકનીકલ શિક્ષણ વિભાગને પણ જાણ કરી છે. પરંતુ આજદિન સુધી કોઈ સકારાત્મક ઉકેલ આવ્ય નથી. તા. ૧૦-૪-૨૦૨૨ના રોજ મંડળના તમામ હોદ્દેદારોની રાતે ૯ થી ૧૦ વાગે ઓનલાઈન મીટીંગ યોજાઈ હતી. જેમાં ચર્ચા કરી ૧૪ એપ્રિલ ૨૦૨૨ બપોરે ૨ થી ૫ પડતર પ્રશ્નો સાથે ટ્વીટર અભિયાન, ૧૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ પેન્શન બંધારણ અધિકાર દિવસ તરીકે મનાવવો, તા. ૧૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ જાહેર રજા હોવાથી ૧૩-૪-૨૦૨૨ના રોજ કોલેજમાં જ ડૉ. બાબાસાહેબના ફોટો/પ્રતિમાને પુષ્પા અંજલિ કરી મંડળના સભ્યો સાથે પડતર પ્રશ્નો અને ઓપીએસની પ્લેયકાર્ડ બનાવી મંડળના બેનર સાથે ફોટો લેવો, ૧૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ દરેક સભ્ય પોતાના મતવિસ્તારમાં જ્યાં પણ વિવિધ કર્મચારી મંડળો દ્વારા પેન્શન બંધારણ અધિકાર દિવસ મનાવવામાં આવતો હોય ત્યાં મંડળના પડતર પ્રશ્નો અને ઓપીએસના પ્લેય કાર્ડ સાથે હાજર રહેવું, દરેક લોકલ યુનિટના હોદ્દેદારો તમામ કાર્યક્રમને ટીવી/પ્રિન્ટ/સોશિયલ મીડિયા પર પ્રચાર પ્રસાર કરવો જેવા નિર્ણયો લેવામાં આવ્યાં હતા.

## એકટીવા ચોરી કરનારના ત્રણ સગીર ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૧૫ સરકારી કોમર્સ કોલેજ પાસેથી એકટીવાની ચોરી કરીને ગાંધીનગરમાં ફરવા માટે નીકળેલા ત્રણ સગીરોને એલસીબી પોલીસે પકડ્યા હતા. કાયદાના સંઘર્ષમાં આવેલા ત્રણેય સગીરે મોજશોખ માટે એકટીવાની ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરની કોમર્સ કોલેજ પાસેથી થોડા દિવસ પહેલા એકટીવાની ચોરી થઈ હતી. જેથી એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવની ટીમે સ્થળ પર જઈ તપાસ કરી આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પોલીસને અંદાજ આવી ગયો કે જો સરકારી ગાડીમાં પેટ્રોલીંગ કરવામાં આવશે તો ચોર સતર્ક થઈ જશે. જેથી પોલીસના સ્ટાફના જવાનોએ બાઈક પર સાદા ડ્રેસમાં પેટ્રોલીંગ શરુ કર્યું હતું. આ સમયે બાતમી મળી હતી કે નંબર વિનાના એકટીવા પર ત્રણ યુવકો ફરી રહ્યા છે. જેથી પોલીસે આ વિસ્તારમાંથી એકટીવા લઈને ફરી રહેલા ત્રણ યુવકોને પકડી પાડ્યા હતા.તેઓની પુછપરછ દરમિયાન ત્રણેય સગીર હોવાનું બહાર આવ્યું હતું. સગીરોને એકટીવા ચોરી અંગે પુછતા મોજશોખ માટે કોઈ વાહન ચોરી કરવા માટે ફરી રહ્યા હતા. તે સમયે કોમર્સ કોલેજ પાસે પાર્ક કરેલુ એકટીવા મોકો જોઈને ચોરી કરી લીધુ હતું.

## આજે કુડાસણ ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૧૩

રામચરિત માનસ પંચમ સોપાન ‘સુંદરકાંડ પાઠ’ તારીખ-૧૪ ગુરુવાર, સમય રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં.૬, સનરાઈઝ બંગલો, એસએસવીએસ હોસ્પિટલની સામે પ્રતિક મોલની પાછળ, કુડાસણ ગાંધીનગર ખાતે પરાગ એચ રૂધાની પરિવારના આયોજનથી ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરાયું છે તો સૌ નગરજનોને પાઠમાં પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડૉ. બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે. ભારતના બંધારણના ઘડવૈયા અને વિશ્વ વિભૂતિ ડૉ.બાબા સાહેબ આંબેડકર ની જન્મજયંતિ નિમિત્તે



ગાંધીનગર જિલ્લા દલિતસેના દ્વારા ડો બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પ્રમુખ ડો.ગુલાબચંદ એન. પટેલ તેમજ ગુજરાત પ્રદેશ સચિવ બાબુભાઈ એચ.મેસરવાલા તેમજ જિલ્લા મહામંત્રી કાન્તીભાઈ આઈ.પટેલ અન્ય હોદ્દદારો મોહનભાઈ બાલુવાકર અને કાર્યકરો ડો.બાબાસાહેબ ને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ પ્રસંગે દલિત સેનાના ગાંધીનગર જિલ્લાના તમામ પદાધિકારીઓ અને કાર્યકરોએ તારીખ ૧૪ એપ્રિલ ૨૦૨૨ ના રોજ સવારે ૯ વાગ્યે ઘ-૪ા સાડાચાર સર્કલ ઉપસ્થિત રહેવા જિલ્લા પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ અને મહામંત્રી શ્રી કે.આઈ.પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.



ભારતીય જનતા યુવા મોરચા ગાંધીનગર મહાનગર દ્વારા સરકારી માધ્યમિક સેક્ટર-૨૦/૧ શાળામાં બાળકો સાથે રસીકરણ જાગૃતિ અંગે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો અને વહેલામાં વહેલી તકે બાળકો અને તેમના પરિવારના સભ્યો રસી લે તે અંગે પ્રોત્સાહિત કર્યા હતા.

## આજે જય ભીમ સેવા ટ્રસ્ટ દ્વારા શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ડૉ. બાબા સાહેબ આંબેડકર ના ૧૩૧માં જન્મજયંતી પ્રસંગે તા.૧૪ એપ્રિલ સમય : ૮:૦૦ કલાક (સવારે), સેક્ટર-૨૪ આદર્શનગરથી ડૉ. બાબા સાહેબ પ્રતિમા (વિધાનસભાની સામે) સુધી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. આ શોભાયાત્રામાં શિક્ષણના હિમાયતી, સમાનતાના પ્રતિક, આધુનિક ભારતના ઘડવૈયા, કાયદાશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, માનવતાવાદી, ભારતરત્ન, સિમ્બોલ ઓફ નૉલેજ ડૉ બાબા સાહેબની જીવનગાથા પ્રસ્તુત કરતા અને સમાજના ઉદ્ધાર માટેનો તેમનો અવિરત સંઘર્ષ ને વાચા આપતા ભવ્ય ટેબલો શોભાયાત્રામાં વધારો કરશે. તો સૌ દેશપ્રેમી ભીમપ્રિય ભાઈઓ-બહેનોને આ શોભાયાત્રામાં જોડાવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. રાણા ધર્મેન્દ્રસિંહ તખતસિંહ**, ઉ.વ. ૪૮, નવા ધરમપુર
- **સ્વ. ઠાકોર રામાજી આદરજી**, ઉ.વ. ૭૫, કરશનપુરા (ટીંટોડો)
- **સ્વ. મનુ અમ્મા**, ઉ.વ. ૭૨, બીએસએફ, ચિલોડા

# શહેરમાં ગરમાળો ખીલી ઉઠયો

## તાપમાં તપે પહેરે પીતાંબર એ ગરમાળો : પીળા રંગના ગરમાળાએ જાણે પીળા રંગની ચાદર ઓઢી હોય તેવા શહેરમાં દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં ચૈત્ર માસમાં સુંદર પીળા પીળા ફૂલોનો નજારો જોવા મળી રહ્યો છે. શહેરે જાણે પીળા રંગની ચાદર ઓઢી હોય તેવા દશ્યો સર્જાયા છે. ગરમાળો... નામ સાંભળતા કુદરતની કલા નજર સમક્ષ આવી જાય છે. એના સુંદર ફૂલોની કોમળતા જોઈને મંત્રમુગ્ધ થઈ જવાય છે. ગરમાળાના જેટલા વખાણ કરો તેટલા ઓછા. ભરઉનાળામાં મનને ટાઢક આપતું દશ્ય એટલે એક ફૂલોથી આચ્છાદિત ગરમાળાનું વૃક્ષ છે. ગાંધીનગરમાં ગરમાળાના વૃક્ષોની હરોળ જોવા મળે છે. જે અદભૂત નજારો છે. આંખોને એક તાજપ આપી દે એવા વૃક્ષો છે. તેના પીળા રંગના પુષ્પો આહા! હૃદયને આનંદિત કરી દે છે. જાણે સૂર્યના તડકાને



આ ફૂલોએ પોતાનો ન બનાવી લીધો હોય. અને સૂર્ય પણ જાણે એના પર મોહિત થઈ પોતાનો બધો જ પ્રકાશ તેના પર ન્યોછાવર કરવા માંગતો હોય તેમ તપે છે. ઘટાદાર લીલાવૃક્ષો પર ઝૂલતા ઘટાટોપ પુષ્પો અને વટેમાર્ગુને છાંયડો આપતું આ વૃક્ષ છે. જયારે તે ખરીને નીચે પડે છે અને વિખરાય છે ત્યારે ધરતી પર જાણે પીળી સાડી જેવા લાગે છે.

ઉનાળામાં પીળા રંગના પુષ્કળ ગુચ્છાદાર ફૂલ આવે છે. ફૂલ ખરી પડી લાંબી લીલા રંગની શીંગો આવે છે જે અંગુઠાથી પણ વધુ જાડી અને દોઢથી બે ફૂટ લાંબી હોય છે. તે પાકી જતાં સુકાઈને કાળી પડી જાય છે તેની અંદરનો માવો સુકાઈ જઈને બી છુટા પડી જતાં ઘુઘરાની જેમ આ શીંગો ખખડે છે. આ માવો મીઠો હોય છે. એને ગરમાળાનો ગોળ કહે છે. ગરમાળાનો ગોળ આયુર્વેદમાં ખુબ ગુણકારી માનવામાં આવે છે. કોઢ ચામડીના વીકારો, તાવ, કમળો, કબજીયાત, હૃદયના રોગોમાં પણ ગરમાળાનો ગોળ હીતાવહ છે.